# નવી નોન ગ્રાન્ટેડ ખાનગી પ્રાથમિક શાળાઓ (ધોરણ ૧ થી ૫) અને નવી નોન ગ્રાન્ટેડ ઉચ્ચ પ્રાથમિક શાળાઓ (ધોરણ ૬ થી ૮) તેમજ નોન ગ્રાન્ટેડ વધારાના/ક્રમિક વર્ગો મંજૂર કરવા બાબતે અરજી ફોર્મ ભરવા અંગેની સુચનાઓ

{1} ફોર્મના લાગુ પડતા કોલમ ભરવા આવશ્યક છે.

{2} સંપૂર્ણ ફોર્મ ભર્યા પછી Confirm બટન ક્લીક કરવું. Print Application માં જઇ ફોર્મની પ્રિન્ટ કાઢવી.

{3} વિભાગ –A માં તાલુકાના કોલમમાં અધિકૃત નગરપાલિકા પ્રાથમિક શિક્ષણ સમિતિના વિસ્તાર હેઠળની શાળાઓએ પોતાની નગરપાલિકા દર્શાવવી. (૭ મહાનગરપાલિકા+૧૩ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ)

{4} વિભાગ G માં એક કર્મચારીની માહિતી ભરી ત્યાર પછી Add બટન ક્લીક કરી બીજા-ત્રીજા-ચોથા એમ તમામ શૈક્ષણિક કર્મચારીઓની માહિતી ભરવાની છે.

{5} વિભાગ A અને B પૂર્ણ થયા બાદ એક નંબર જનરેટ થશે. તે નોંધી રાખો અને આવશ્યકતા ઉભી થયે Add ઓપ્શન ઉપર ક્લીક કરી આ નંબરથી ફાઇનલ ફોર્મ સબમીટ કરાવો તે પહેલા સુધારાઓ કરી શકશો.

{6} ફોર્મ સંપૂર્ણ ભરાયા બાદ તેની પ્રિન્ટ કાઢી જરૂરી પ્રમાણપત્રો ભરી સહી સિક્કા સાથે તેમજ તેના આધારો સાથે અધિકૃત અધિકારી એટલે કે જે તે જિલ્લાના જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરીમાં સમય મર્યાદામાં જમા કરાવવાના રહેશે.

{7} ફોર્મ Confirm & Submit કર્યા પછી Application Number જનરેટ થશે જે નોંધી રાખવો જરૂરી છે. ભવિષ્યમાં પત્રવ્યવહાર/સંચાર કરવા માટે આ નંબરનો ઉપયોગ કરવાનો રહેશે.

{8} વધુ માહિતી માટે જિલ્લા શિક્ષણાધિકારીશ્રી/ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીની કચેરીનો સંપર્ક કરવો.

*****************************************************************

**Submit કરેલા ફોર્મની હાર્ડ કોપી જાહેરાતમાં જણાવેલ સમય મર્યાદામાં નીચેના પ્રમાણપત્રો/આધાર-પુરાવા સાથે જે તે અધિકૃત અધિકારી એટલે કે જે તે જિલ્લાના જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરીમાં જમા કરાવવાના રહેશે.**

- ઓન લાઇન અરજીની પ્રિન્ટ કોપી
- ટ્રસ્ટ રજિસ્ટ્રેશન પ્રમાણપત્રની પ્રમાણિત નકલ/કંપની રજિસ્ટ્રેશનની પ્રમાણિત નકલ
- ટ્રસ્ટીઓના નામ સરનામા સહિત ટ્રસ્ટ ડીડની પ્રમાણિત નકલ/કંપનીના કિસ્સામાં બોર્ડ ઓફ ડાયરેક્ટરની યાદી.
- નિયત કરેલ ફી નું ચલણ અસલમાં
- ટ્રસ્ટ/મંડળ/કંપનીની આર્થિક સધ્ધરતા અંગે બેન્ક સર્ટી
- ટ્રસ્ટ/મંડળ/કંપની ના ઓડિટ રિપોર્ટની નકલ
- શાળાના મકાનના આધાર (પોતાનું કે ભાડાનું)
- ભાડાનું મકાન હોય તો રૂપિયા ૧૦૦/- ના સ્ટેમ્પ પેપર ઉપર ૧૦ વર્ષનો ભાડા કરાર

- શાળાના મકાનનો ક્ષેત્રફળ સહિતનો નકશો અને નકશામાં વર્ગખંડોના ક્ષેત્રફળ દર્શાવેલા હોવા જોઈશે. તથા તે સરકારી અધિકારી દ્વારા પ્રમાણિત કરેલ હોવા જોઈશે.
- શાળના મકાનના વિવિધ સુવિધા ધરાવતા અદ્યતન ફોટોગ્રાફસ સામેલ રાખવા.
- શાળાના મેદાનનો ફોટોગ્રાફસ સામેલ રાખવો,શાળાથી રમતના મેદાનનું અંતર દર્શાવતો આધાર સામેલ રાખવો.
- પ્રત્યકે વર્ગખંડનું ભોયતળિયાનું ક્ષેત્રફળ ઓછામાં ઓછું ૩૦૦ ચો.ફુટથી ઓછું હોવું જોઈશે નહીં.
- મકાન વાળી જમીનનું એન.એ./એન.ઓ.સી સર્ટીફીકેટ
- "મકાન શૈક્ષણિક હેતુ માટે વપરાશ યોગ્ય છે" તે અંગે સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર (વાણિજિયક હેતુ માટે મંજૂરી મળેલ હોય તેવા મકાનમાં શાળા શરૂ કરી શકાશે નહી.
- વર્ષ ૨૦૦૧ પહેલાં નિર્માણ પામેલ મકાન માટે મકાન ભૂકંપનો સામનો કરી શકે તેવું હોવા અંગેનું સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર.
- શાળાના મકાનમાં ફાયર સેફ્ટીની સુવિધા ઉભી કરવામાં આવેલ હોવા અંગેનું પ્રમાણપત્ર
- રાઇટ ટુ એજ્યુકેશન એક્ટ ૨૦૦૯ની અનુસૂચિમાં જણાવ્યા મુજબ ભૌતિક સુવિધાઓ પુરતી અને પર્યાપ્ત છે તે બાબતના આધારો (કુમાર, કન્યા માટે અલગ શૌચાલયોની સુવિધા, પાણીની વ્યવસ્થા વગેરે સહિત)
- ૩ કિલોમીટરની ત્રિજ્યામાં આવતી શાળાઓના "ના વાંધા પ્રમાણપત્ર"
- બાળકોના મફત અને ફરજિયાત અધિકાર નિયમો ૨૦૧૨ ની અનુસૂચિ મુજબની બાહેધરીઓ.
- ફી રેગ્યુલેશન એકટ-૨૦૧૭ અને સ્કૂલ સેફટી પોલીસી-૨૦૧૬ ના અમલ માટેની બાહેધરી
- સંભવિત શૈક્ષણિક સ્ટાફના નામ, લાયકાતો સાથેનું પત્રક
- વર્ગ વધારા/ક્રમિકવર્ગ માટે સ્ટાફના પગારો બેન્ક મારફત ચુકવાતા હોવાના અધારો
- વર્ગ વધારા/ક્રમિકવર્ગ માટે સ્ટાફની શૈક્ષણિક લાયકાત સાથેનું પત્રક
- નવી શાળા માટે સ્ટાફના પગારો બેન્ક મારફત ચુકવવામાં આવશે તે અંગેની બાંહેધરી
- શાળામાં ધોરણવાર દાખલ થનાર સંભવિત બાળકોની યાદી/સંખ્યા
- ટ્રસ્ટ/મંડળ/કંપની અન્ય સંસ્થાઓ ચલાવતી હોય તો તેની વિગતો આધાર સાથે.
- રમત ગમતનું મેદાન શહેરી વિસ્તાર માટે ૧૨૦૦ ચો.મીટર, ગ્રામ્ય વિસ્તાર માટે ૨૦૦૦ ચો.મીટર જે એન.એ. થયેલુ હોવુ જોઇએ. રમત ગમતના મેદાન તરીકે સોસાયટીનો કોમન પ્લોટ ગ્રાહ્ય રાખવામાં આવશે નહિ.
- મકાન એક કરતાં વધુ માળનું હોય તો એક થી વધુ સીડી ધરાવતા હોવાનો આધાર.
- જ્યારે સંબંધિત અધિકારીશ્રીને ફાઈલ રજુ કરવામાં આવે ત્યારે ઉપરોકત મુજબના આધાર ફાઈલ સાથે સામેલ રાખેલ હોય, તે આધાર સરળતાથી ફાઈલમાંથી મેળવી શકાય તે માટે અનુક્રમણિકા બનાવી, કયો આધાર કયાં પેજ પર સામેલ છે. તે ખાસ દર્શાવવું

## નવી બિન અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળાની મંજૂરી માટે આવેલ દરખાસ્ત ચકાસવા તથા સ્થળ તપાસમાં ચકાસવાની વિગતો અંગેનું "ચેકલિસ્ટ"

| ક્રમ | | વિગત | પાના નં. | તપસણી અધિકારીના રીમાર્કસ |
|---|---|---|---|---|
| ૧ | | ૨ | | ૩ |
| ૧ | | અરજીમાં દર્શાવેલ શાળાની વિગતો, ચકાસણી કરતા બરાબર માલૂમ પડેલ છે? જો કોઇ વિગત બાકી હોય અથવા દર્શાવેલ ન હોય તો તેનો ઉલ્લેખ રીમાર્કસમાં કરવો | | |
| ૨ | * | **ટ્રસ્ટની વિગતઃ- ટ્રસ્ટ**<br>મુંબઇ સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ ૧૯૫૦ હેઠળ.<br>મંડળી રજિસ્ટ્રેશન એકટ ૧૮૬૦ હેઠળ અથવા તત્સમયે અમલમાં હોય તેવા કોઇ બાયદા અથવા કંપની અધિનિયમ-૧૯૫૬ હેઠળ રજિસ્ટર થયેલ છે કે કેમ ? | | |
| ૩ | | નવી શાળાની મંજૂરી માટે જરૂરી નિયત ફી સરકારી હેડે જમા કરમાવેલ છે ? કે કેમ ? | | |
| ૪ | | ટ્રસ્ટે તેમની માંગણી મુજબ માધ્યમનો ઉલ્લેખ કરેલ છે ? કે કેમ ? | | |
| ૫ | | આર્થિક સધ્ધરતા માટે તાજેતરનું બેલેન્સ સર્ટી રજૂ કરેલ છે ? | | |
| ૬ | | ટ્રસ્ટ જૂનું હોયતો, તેના છેલ્લા ત્રણ વર્ષના ઓડીટ રીપોર્ટ રજૂ કરેલા છે કે કેમ ? | | |
| ૭ | *<br>૭.૧<br>૭.૨.૧<br>૭.૨.૨<br>૭.3.૧<br>૭.3.૨<br><br>૭.3.3<br>૭.3.૪ | **શાળાના મકાન બાબતે**ઃ-<br>શાળાનું મકાન ટ્રસ્ટની માલિકીનું છે કે ભાડાનું<br>શાળાનું મકાન ભાડાનું હોય તો ભાડા કરાર રજૂ કરેલ છે ?<br>- નિયત સ્ટેમ્પ પેપર ઉપર કરેલ છે ?<br>- કેટલા સમય માટે કરેલ છે ?<br>શાળાનો કુલ વિસ્તાર રમત ગમતના મેદાન સાથે જરૂરીયાત મુજબનો છે કે કેમ ?<br>- બાંધકામનો વિસ્તાર<br>- રમત ગમતના મેદાનનો વિસ્તાર | | |
| | ૭.૪<br><br>૭.૫ | શાળાના મકાનનો/ વેપારીક/ રહેણાંક/ રાજકીય /બિન શૈક્ષણિક પ્રવૃત્તિઓ માટે ઉપયોગમાં લેવાય છે ?<br>શાળાના મકાનવાળી જમીન NA/NOC વાળી છે કે કેમ ? | | |
| | ૭.૬<br>૭.૭<br><br>૭.૮ | શાળાના મકાન બાંધકામના નકશા સક્ષમ અધિકારી દ્વારા મંજુર કરાવેલા છે?<br>મકાન ‘‘શાળાના વપરાશ માટે યોગ્ય છે‘‘ તે મતલબનું સક્ષમ અધિકારી પાસેથી પ્રમાણપત્ર મેળવેલ છે ?<br>મકાન ભૂકંપનો સામનો કરી શકે તેવું હોવા અંગેનું સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર મેળવેલ છે ? | | |

| | | | | |
|---|---|---|---|---|
| | ૭.૯ | નવી શાળા માટે દર્શાવેલ શાળા મકાનનો અન્ય પ્રાથમિક/માધ્યમિક/ઉ.મા. માટે ઉપયોગ કરવામાં આવે છે ? જો હા તો તેની વિગતોના નામ સાથે | | |
| ૮ | * | **ભૌતિક સુવિધાઓઃ-** | | |
| | ૮.૧ | શાળાના મકાનમાં પર્યાપ્ત સંખ્યામાં જરૂરીયાત મુજબના ક્ષેત્રફળ વાળા વર્ગખંડો છે ? | | |
| | ૮.૨ | માંગેલ વર્ગ માટેના વર્ગખંડો, કાર્યાલય ખંડ, સ્ટાફરૂમ, આચાર્યરૂમ અલગ અલગ છે ? | | |
| | ૮.3 | ગ્રંથાલય અને પ્રયોગશાળા માટે અલગ અલગ રૂમની વ્યવસ્થા છે ? | | |
| | ૮.૪ | શાળાનું મકાન ભોંયતળિયા સાથે કેટલા માળનું છે ? | | |
| | ૮.૫ | શાળાના મકાનમાં ફાયર સેફટીની સુવિધા ઉભી કરવામાં આવેલ છે ? | | |
| | ૮.૬ | શાળાનું મકાન શાળાકીય હેતુ માટે જ બનાવેલ છે કે કેમ ? | | |
| | ૮.૭ | શાળાનું મકાન શોપીંગ સેન્ટર અથવા રહેણાંકનું છે કે કેમ ? | | |
| | ૮.૮ | શાળાનું મકાન એક કરતાં વધુ માળનું હોય તો એકથી વધુ સીડી ધરાવે છે કે કેમ ? | | |
| | ૮.૯ | રમત ગમત માટેનું મેદાન શાળાથી કેટલા અંતરે આવેલ છે ? | | |
| | ૮.૯.૧ | ભાડાનું હોય તો ભાડા કરાર કરેલ છે ? | | |
| | ૮.૯.૨ | કેટલા વર્ષનો ? | | |
| | ૮.૧૦ | ફી રેગ્યુલેશન એક્ટ- ૨૦૧૭ ના અમલની બાહેધરી આપેલ છે? | | |
| | ૮.૧૧ | સ્કૂલ સેફટી પોલીસી-૨૦૧૬ ના અમલની બાહેધરી આપેલ છે? | | |
| ૯ | * | **આરોગ્ય વિષયક સુવિધાઓઃ-** | | |
| | ૯.૧ | શાળામાં કુમાર/કન્યા માટે પુરતા પ્રમાણમાં શૌચાલયોની અલગ અલગ સુવિઓ છે કે કેમ ? | | |
| | ૯.૨ | અલગ વ્યવસ્થા છે તો કેટલી સંખ્યામાં ? | | |
| | ૯.૨.૧ | સ્ટાફ માટે | | |
| | ૯.૨.૨ | કુમાર માટે | | |
| | ૯.૨.3 | કન્યા માટે | | |
| | ૯.3.૧ | શાળામાં પીવાના પાણી માટે જરૂરી વ્યવસ્થા ગોઠવેલ છે ?માટલા/નળ છે ? | | |
| | ૯.3.૨ | વોટર કુલર છે ? | | |
| | ૯.3.3 | આર.ઓ પ્લાન્ટ છે ? | | |
| | ૯.3.૪ | શાળાના મકાન/વર્ગ ખંડો હવા ઉજાસવાળા છે કે કેમ ? | | |
| ૧૦ | * | **ક્રમિક/વર્ગ વધારા માટેઃ-** | | |
| | ૧૦.૧ | RTE એકટ/નિયમો મુજબ શાળાનું વિભાજન ધો. ૧ થી ૫ અને ધો. ૬ થી ૮ માં થયેલ છે ? | | |
| | ૧૦.૨ | શાળામાં ચાલતા વર્ગો માન્ય વર્ગો જ છે ને ? માન્ય વર્ગો માટે રાખવામાં આવેલ શૈક્ષણિક સ્ટાફ નિયત તાલીમી લાયકાત ધરાવે છે ? | | |
| | ૧૦.3 | શૈક્ષણિક સ્ટાફ પગારો રાષ્ટ્રીયકૃત બેંકમારફત/ચેક દ્વારા ચૂકવાય છે ? | | |
| | ૧૦.૪ | શાળા ટ્રસ્ટના ઓડિટ રીપોર્ટ રજૂ થયેલ છે ? | | |
| | ૧૦.૫ | નફાના હેતુથી શાળા ચલાવવામાં આવતી નથી ને ? | | |
| | ૧૦.૬ | માંગેલ ક્રમિક વર્ગ/વધારાના વર્ગ માટે પૂરતા ક્ષેત્રફળ, પૂરતા ઓરડા છે કે કેમ ? | | |

| | | | | |
|---|---|---|---|---|
| | ૧૦.૭ | વધારાના વર્ગો માટે જરૂરી ભૌતિક સુવિધારો તથા આરોગ્ય વિષયક સુવિધારો ઉપલબ્ધ છે કે કેમ ? | | |
| ૧૧ | અ<br><br>૧<br>૨<br><br>૩<br>૪<br><br>૫<br>૬<br>૭<br>૮<br><br>૯<br>૧૦<br><br>૧૧<br>૧૨<br><br>૧૩<br><br>૧૪<br><br>૧૫<br>૧૬ | માન્યતા નકારવાની થતી હોય તો તેના સ્પષ્ટ વિગતવાર કારણોઃ- લાગુ પડતા કારણ સામે ✓ કરો<br>આરોગ્ય વિષયક સગવડ નથી/ભૌતિક સુવિધા પર્યાપ્ત નથી<br>આજુબાજુની શાળાના ના વાંધા પ્રમાણપત્ક્ષ રજુ કરેલ નથી. બિન તંદુરસ્ત હરિફાઇ થવાની તેમજ આજુબાજુની શાળાની વાંધા અરજીના કારણસર<br>સક્ષમ અધિકારી દ્વારા મકાનનો પ્લાન મંજુર કરાવેલ નથ. તેમજ રજાચિઠી રજુ કરેલ નથી<br>સક્ષમ ઓથોરીટીએ માન્ય કરેલ સ્ટ્રકચર એન્જિનિયરનું પ્રમાણપત્ર રજૂ કરેલ નથી.<br>મકાન માલિકનો ભાડા કરાર રજૂ કરેલો નથી. રૂ. ૧૦૦/-<br>સ્ટેમ્પ પેપર ઉપર ૧૦ વર્ષનો ભાડા કરાર નથી.<br>મંડળ આર્થિક સધ્ધરતા ધરાવતું નથી.<br>મકાન વપરાશ યોગ્ય છે તે મતલબનું સક્ષર ઓથોરીટીનું પ્રમાણપત્ર રજૂ કરેલ નથી.<br>વિદ્યાર્થીની પૂરતી સંખ્યા મળી શકે તેમ નથી/આ વિસ્તારમાં શાળાની જરૂરિયાત પ્રસ્થાપિત થતી નથી.<br>વર્ગખડ (RTE રૂલ્સ ૨૦૧૨ માં દર્શાવ્યા મુજબ) પૂરતા ક્ષેત્રફળ વાળા ન હોવાથી.<br>જરૂરિયાત પ્રમાણે રમત-ગમતનું મેદાન ન હોવાથી.<br>ફરજિયાત શિક્ષણ દ્વારા અધિનિયમ-૨૦૦૯ અને ગુજરાત સરકારના RTE રૂલ્સ ૨૦૧૨ ની જોગવાઇ અમલ કરવાની બાંહેધરી આપેલ નથી.<br>શાળામાં અગ્નિશામક ફાયર સેફટીનું અધિકૃત અધિકારીનું એન.ઓ.સી. મેળવેલ નથી.<br>ચલણની પ્રમાણિત નકલ સામેલ નથી/જરૂરી ફી નિયત કરેલ સદરે જમા કરાવેલ નથી.<br>શાળાના મકાનનો હાલનો હયાત ફોટોગ્રાફ રજૂ કરેલ નથી.<br>અન્ય કોઇ કારણ હોય તો | | |
| ૧૧ | બ | માન્યતા માટે તપાસ અધિકારીશ્રીને સ્પષ્ટ અભિપ્રાય | | |
| ૧૨ | | જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/જિલ્લા શિક્ષણાધિકારીશ્રીનો નિર્ણય અલગ પડતો હોય તો તેના સ્પષ્ટ કારણો સહિતનો નિર્ણય આપવો | | |